# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૦૭૮ કેસ : ૨૦નાં મોત

## રાજ્યમાં કુલ ૨૯૬૦૪ ટેસ્ટ કરાયા : ૨૪ કલાકમાં ૧૧૩૮ દર્દીઓ સાજા થતા ૭૬.૬૪ ટકા દર પહોંચ્યો : એક્ટિવ કેસની સંખ્યા ૧૪૧૭૦

ગાંધીનગર,તા.૧૦

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૯૬૦૪ ટેસ્ટ કરવામાં આવતા ૧૦૫૬ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. આ સાથે રાજ્યમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૭૨ હજારને વટાવી ૭૨૧૨૦ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાને લીધે ૨૦ મોત થયા છે. આ સાથે કુલ મોત ૨૬૭૪ થયા છે. રાજ્યમાં આજે ૧૧૩૮ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. આ સાથે ડિસ્ચાર્જ થવાનો આંકડો ૫૫ હજારને પાર થઈ ૫૫૨૭૬ થયો છે.

રાજ્યમાં કુલ એક્ટિવ કેસ ૧૪૧૭૦ આજની સ્થિતિ એ છે. જેમાં વેન્ટીલેટર પર ૭૬ અને સ્ટેબલ ૧૪૦૯૪ થયા છે. રાજ્યમાં ૧૭મી જુલાઈએ કોરોનાના કુલ ટેસ્ટની સંખ્યા ૫ લાખને પાર થઈ હતી. જેમાં આરોગ્ય વિભાગે ગુજરાત હાઈકોર્ટની ટકોર બાદ સતત ટેસ્ટીંગમાં વધારો કરવામાં આવી રહ્યો હતો.

આજે માત્ર ૨૪ દિવસની અંદર ટેસ્ટની સંખ્યા ૧૦ લાખને પાર થઈ ૧૦,૧૭,૨૩૪ થયા છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે ૨૦ મોત નોંધાયા હતાં. જે મુજબ અમદાવાદ કોર્પોરેશનમાં ૪, સુરત કોર્પોરેશન અને જિલ્લામાં ૪-૪, વડોદરા કોર્પોરેશનમાં ૨, અમરેલી, ભાવનગર કોર્પોરેશન, મહેસાણા, પોરબંદર, રાજકોટ અને તાપી ૧-૧ નોંધાયા છે. અમદાવાદ કોર્પોરેશનમાં ૧૩૩ અને જિલ્લા ૧૧ સાથે કુલ ૧૪૪ કોરોના પોઝિટિવ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૨૮ હજારને પાર થઈ ૨૮૦૪૨ થયો છે. આજે વધુ ૪ મોત સાથે કુલ મોત ૧૬૩૭ નોંધાયા છે.

સુરત કોર્પોરેશનમાં ૧૭૬ અને જિલ્લામાં ૬૦ સાથે કુલ કોરોના પોઝિટિવ ૨૩૬ નોંધાયા છે. આ સાથે સુરતમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૧૫૪૫૧ થયો છે. આજે વધુ ૮ મોત સાથે કુલ મોત ૫૦૯ થયો છે. વડોદરા કોર્પોરેશનમાં ૯૩ અને જિલ્લામાં ૧૫ સાથે કુલ ૧૦૮ કોરોના પોઝિટિવના નોંધાયા છે. આજે વધુ ૨ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૦૦ થયો છે. રાજકોટ કોર્પોરેશનમાં ૬૧ અને જિલ્લામાં ૩૫ કેસ સાથે ૯૬ કોરોના પોઝિટિવ નોંધાયો હતો. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૨૭૦૨ થયો છે. જ્યારે વધુ ૧ મોત સાથે કુલ મોત ૫૦ થયા છે.

# ડમ્પર વીજતારને અડકી જતા બે સગા શ્રમિક ભાઈના મોત

## બાયડ-ગાબટ વચ્ચે રોડની કામગીરી દરમિયાન ઘટી દુર્ઘટના

બાયડ, તા. ૧૦

અરવલ્લી જીલ્લામાં ચોમાસાની ઋતુમાં વીજકરંટ લાગવાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. ત્યારે બાયડ-ગાબટ રોડની કામગીરી દરમિયાન કપચીનું ડમ્પર ખાલી કરતા સમયે નજીકમાંથી પસાર થતા વીજતારને અડકી જતા ડમ્પરમાં વીજ કરંટ ઉતરતા બે શ્રમિકોને વીજ કરંટ લાગતા મોત નિપજતા ભારે ચકચાર મચી હતી.

રાજસ્થાનના બાડમેર નજીકના અને મજૂરી કરી પેટિયું રળતા બંને સગા ભાઈના વીજ કરંટથી મોત નિપજતા વતનથી મોટી સંખ્યામાં પરિવારજનો અને સગા-સંબંધીઓ દોડી આવ્યા હતા અને આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી. બાયડ પોલીસે બંને શ્રમિકોના મૃતદેહને પીએમ માટે બાયડ સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર બાયડથી ગાબટ સુધી રોડને પહોળાઈ કરવાની કામગીરી ચાલી રહી છે રોડ પહોળાઈની કામગીરી માટે ડમ્પર કપચી ભરીને આવતાં રોડ નજીક ખાલી કરતા સમયે ડમ્પરમાં રહેલા બંને શ્રમિકો ડમ્પર ઉચુ થતા ઉપરથી પસાર થતા વીજતારને અડકી જતા સમગ્ર ઘટના બની હતી. રાજસ્થાનના બાડમેર નજીકના તારારામ ભીલ અને પ્રકાશ ભીલ નામના સગા ભાઈઓનું વીજકરંટથી ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજતા બાયડ પોલીસ અને અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.



બાયડ પોલીસે બંને મૃતક ભાઈઓના મૃતદેહને બાયડ સરકારી દવાખાને ખસેડી પીએમ કરવાની કામગીરી હાથ ધરી હતી. બાડમેરથી બંને શ્રમિકોના પરિવારજનો અને સગા-સંબંધીઓ મોટી સંખ્યામાં બાયડ સરકારી દવાખાને પહોંચી કલ્પાત કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. બાયડ પોલીસે સમગ્ર ઘટના અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી સમગ્ર ઘટનાની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.

# વિશ્વના એકમાત્ર કુબેર ભંડારી કરનાલી મંદિરે શ્રાવણી અમાસના દર્શન ભક્તો કરી શકશે નહી

## સરકારી માર્ગદર્શીકા મુજબ ૧૮ અને ૧૯ ઓગસ્ટ મંદિર રહેશે બંધ

ભિલોડા,તા.૧૦

આગામી શ્રાવણ મહીના ની અમાસ નિમિત્તે હાલ ની વૈશ્વિક પરિસ્થિતિ ને અનુલક્ષી ને સરકારની માર્ગદર્શીકા મુજબ વિશ્વ નુ એક માત્ર કુબેર ભંડારી દાદા કરનાલી મંદિર શ્રી કુબેરેશ્વર સોમેશ્વર સંયુક્ત સંસ્થાન ટ્રસ્ટ દ્વારા આગામી શ્રાવણી અમાસ ને ધ્યાન મા લઈ તારીખ ૧૮ અને ૧૯ ઓગસ્ટ એમ બે દિવસ માટે સદર મંદિર બંધ રહેશે. નિયમિત અમાસ ભરતા ભાવિક ભક્તો કુબેર ભંડારી મંદિર કરનાલીની અધિકૃત વેબસાઈટ www. shree kuber bhandari.org પર લાઈવ દર્શન કરી શકશે.

# બાયડ તાલુકાના વાત્રકગઢ જવા માટે પુલનું કામ પૂર્ણ ન થતા ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા

## ત્રણ વર્ષથી મંજૂર થયેલ પુલનું કામ ખોરંભે : ગામમાં જવા માટે પુલની બાજુમાં બનાવેલ કોઝવે ઉપર પાણી ફરી વળતા લોકોની આવન-જાવન બંધ

બાયડ

બાયડ તાલુકાના વાત્રકગઢ ગામ નજીક ખારી નદી આવેલી છે જે ચોમાસામાં ઉપરવાસમાં વરસાદ થતા અવાર નવાર બે કાંઠે થતા વાત્રક ગઢ ગામ અને બાયડ ને જોડતા મુખ્ય માર્ગમાં પુલ ન હોવાથી કોઝવે ઉપર પાણી ફરી વળતા અવારનવાર વાત્રક ગઢ ગામ તથા આસપાસના લોકો સંપર્ક વિહોણું બને છે. ગ્રામજનો દ્વારા તંત્રને વારંવાર રજુઆત કરવા છતાં તંત્ર ને પણ કંઈ પડી ન હોય તેમ સામે ના જોતા ગ્રામજનો રોષે ભરાયા હતા.

છેલ્લા ત્રણ વર્ષથી વાત્રક ગઢ ખારી નદી ઉપર પુલનું કામ ચાલી રહ્યું છે જે હજુ સુધી પૂર્ણ ન થતાં ગામ અને ગામની આજુબાજુ આવેલા પેટાપરા ના રહીશો માં કોન્ટ્રાક્ટર સામે કડક પગલાં ભરવામાં આવે તેવી માગણી ઉઠવા પામી હતી.

ત્રણ વર્ષથી પુલનો બનવાને કારણે બાજુમાં બનાવેલ કોઝવે પર ઉપરવાસમાં વરસાદને કારણે કોઝવે ઉપર પાણી ફરી વળતા લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવે છે ઉપર પાણી ફરી વળતા આસપાસના ૧૫ જેટલા ગામડાઓ સંપર્ક વિહોણા બન્યા હતા તથા લોકોને આવન-જાવન કરિયાણું શાકભાજી આકસ્મિક દવાખા નામા જવા માટે અન્ય કોઈ ઉપાય ન હોવાને લઈ ગ્રામજનો કોન્ટ્રાકટર તથા તંત્ર ની બેદરકારી સામે રીતસર રોષ ભભૂકી ઉઠ્યો હતો. ગ્રામજનો દ્વારા અગાઉ પણ અવારનવાર સરકારી કચેરીઓમાં રજૂઆત કરવામાં આવી છે પરંતુ જવાબદારતંત્ર નિંદ્રાધીન છે કોઈ મોટી હોનારત ની રાહ જોવાઈ રહી હોય તેવું રીતસર દેખાઈ આવે છે. શું તંત્ર મોટી હોનારત થવાની રાહ જોઈ રહી છે? શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના સર્જાય પછી જ પગલાં ભરશે?

### ત્રણ વર્ષથી મંજુર થયેલ પુલનું કામ ખોરંભે

વાત્રકગઢ ગ્રામજનો પાસેથી મળેલી માહિતી મુજબ ગામમાં જવા માટે ત્રણ વર્ષથી પુલ મંજૂર કરવામાં આવ્યું છે છતાં કોન્ટ્રાક્ટર દ્વારા હોતી હૈ ચલતી હૈ જેવી નીતિ થિ કામ કરવામાં આવતા ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

### ત્રણ કરોડનો પુલ મંજૂર કરાયો છે

ગ્રામજનો એ જણાવ્યું કે આ પુલ ત્રણ કરોડ રૂપિયામાં મંજૂર કરવામાં આવી છે. કોન્ટ્રાક્ટર દ્વારા ત્રણ વર્ષથી કામ કરવામાં આવે છે છતાં પુલનું કામ પૂર્ણ ન થતા કોન્ટ્રાક્ટર દ્વારા આ પુલ બનાવવામાં નકરો ભ્રષ્ટાચાર આચર્યું હોય એવું રીતસર દેખાઈ આવે છે.



### પુલની બાજુમાં બનાવેલ કોઝવે ઉપર પાણી ફરી વળતા ૧૫ ગામો સંપર્ક વિહોણા બન્યા

ઉપરવાસમાં ભારે વરસાદ પડતા ખારી નદી ઉપર પુલનું કામ ચાલુ હોવાને લઈ બાજુમાં બનાવેલ કોઝવે ઉપર પાણી ફરી વળતા ૧૫ જેટલા ગામો સંપર્ક વિહોણા થયા હતા.

### બેજવાબદાર તંત્ર પગલાં ભરે તેવી માંગ ઉઠી

બાયડ તાલુકાના વાત્રક ગઢ નજીક બનાવેલ કોઝવે ઉપર પાણી ફરી વળતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે ત્યારે બે જવાબદાર તંત્ર ગ્રામજનોના હિતમાં પગલાં ભરે તેવી માંગણી ઉઠવા પામી હતી.

ગુજરાત સરકાર



પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY)
ખેડૂતો માટે ખૂબ જ કલ્યાણકારી યોજના છે
ચાલુ વર્ષે PMFBY અંતર્ગત ટેન્ડરોમાં
વીમા કંપનીઓનું ઊંચું પ્રિમિયમ હોવાથી
રાજ્ય સરકારે ટેન્ડરો રદ કરેલ છે



હવે, સમગ્ર ગુજરાતના બધા ખેડૂતો માટે રાજ્ય સરકાર લાવી છે મહત્વાકાંક્ષી

મુખ્યમંત્રી કિસાન સહાય યોજના

- રાજ્યના બધા ખેડૂતોને આવરી લેતી યોજના
- ખરીફ ઋતુના બધા પાકો માટે આ યોજનાનો લાભ
- ખેડૂતોએ કોઈપણ પ્રિમિયમ કે ફી ભરવાની નથી
- પારદર્શક, ઝડપી અને સરળ સહાય યોજના
- નીચે મુજબના ત્રણ પ્રકારના જોખમોમાં ખેડૂતોને લાભ મળશે
  (૧) અનાવૃષ્ટિ (દુષ્કાળ)
  (૨) અતિવૃષ્ટિ, વાદળ ફાટવું
  (૩) કમોસમી વરસાદ (માવઠું)







- સહાયના ધોરણો

| પાક નુકશાનની ટકાવારી | સહાય રૂ. પ્રતિ હેક્ટર |
|---|---|
| ૩૩% થી ૬૦% સુધી | રૂ. ૨૦,૦૦૦/- |
| ૬૦ % થી વધુ | રૂ. ૨૫,૦૦૦/- |

- વધુમાં વધુ ૪ હેક્ટર સુધી સહાય મળશે
- DBT મારફત ખેડૂતોના બેંક એકાઉન્ટમાં સીધી સહાય જમા થશે
- અરજી કરવાથી માંડીને પેમેન્ટ સુધીની પ્રક્રિયા ઓનલાઈન થશે
- ઈ-ગ્રામ કેન્દ્ર પરથી રાજ્ય સરકારના ખર્ચે અરજી થશે
- આ યોજનાની સહાય ઉપરાંત SDRF નો લાભ પણ મળવાપાત્ર રહેશે
- આ યોજના ફક્ત ચાલુ ખરીફ ઋતુ માટે જ અમલી

" ખેડૂત કલ્યાણ માટે કટિબદ્ધ ગુજરાત સરકારનું વધુ એક પગલું એટલે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના " - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી